**ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ ના સીનીયર સ્કેલ, સિલેકશન સ્કેલ તથા એપેક્ષ સ્કેલના અધિકારીઓના કામગીરી મૂલ્યાંકન અહેવાલ (PAR) લખવા અને સમીક્ષા કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: ખહલ/૧૦/૨૦૦૫/૨૩૦૧/ગ.૧ સેલ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૯/૦૯/૨૦૧૭

પરિપત્ર :

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૧૨/૨૦૦૫ ના સરખા ક્રમાંકના પરિપત્રથી ગુજરાત વહીવટી સેવા, વર્ગ.૧ના સીનીયર/સિલેકશન/એપેક્ષ સ્કેલના તેમજ જુનીયર સ્કેલના અધિકારીઓના ખાનગી અહેવાલ લખવા અને સમીક્ષા કરવા બાબતે ઉકત અધિકારીઓની ફરજની જગ્યા/હોદ્દાને અનુલક્ષીને અહેવાલ લેખન અધિકારી તથા સમીક્ષક અધિકારી નકકી કરવામાં આવેલ છે. ત્યાર બાદ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ અને મહેસૂલ વિભાગ દ્વારા વખતોવખત જરૂરી સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

૨. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪.૩.૨૦૦૯ ના પરીપત્ર ક્રમાંક - ગવસ/૨૦૦૮ /૧૯૧૪ /ગ.૧ અન્વયે ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ ના જુનીયર સ્કેલના નાયબ કલેકટર સંવર્ગના અધિકારીઓના ખાનગી અહેવાલ/કામગીરી મૂલ્યાંકન અહેવાલ અંગેનું સઘળું સેવા વિષયક રેકર્ડ જાળવવાની બાબત ઉપરાંત તેઓના કિસ્સામાં અહેવાલ લેખન અધિકારી/સમીક્ષક અધિકારી નકકી કરવાની બાબત સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં મહેસૂલ વિભાગ દ્વારા સંભાળવાની રહે છે. તેમજ ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ ના જુનીયર સ્કેલના નાયબ જીલ્લા વિકાસ અધિકારી સંવર્ગના ખાનગી અહેવાલ/કામગીરી મૂલ્યાંકન અહેવાલ અંગેનું સઘળું સેવા વિષયક રેકર્ડ જાળવવાની બાબત ઉપરાંત તેઓના કિસ્સામાં અહેવાલ લેખન અધિકારી/સમીક્ષક અધિકારી નકકી કરવાની બાબત સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ દ્વારા સંભાળવાની રહે છે.

-(P.T.O.)-

૩.      પ્રસ્તુત વિષય અંગેની વખતોવખત બહાર પાડવામાં આવેલ સુચનાઓને આ વિભાગના તા.૨૭.૪.૨૦૧૬ ના સરખા ક્રમાંકના પરીપત્રથી સંકલિત સ્વરૂપે બહાર પાડવામાં આવેલ છે. સદરહુ પરીપત્ર સાથેના "પરિશિષ્ટ-અ" અને "પરિશિષ્ટ-બ" માં ગુજરાત વહીવટી સેવા, વર્ગ.૧ ના અધિકારીઓની જગ્યા/હોદ્દાને અનુલક્ષીને અહેવાલ લેખન અધિકારી અને સમીક્ષક અધિકારી સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવેલ છે. આ અધિકારીઓ પૈકી સીનીયર/સિલેકશન/એપેક્ષ સ્કેલના અધિક કલેકટર કક્ષાના અધિકારીઓ માટેની **૦૬ (છ) નવી** જગ્યાઓના સંદર્ભમાં તેમના કામગીરી મૂલ્યાંકન અહેવાલ લખનાર અધિકારી તથા સમીક્ષક અધિકારી નિયત કરવાની બાબત ઉપરાંત અન્ય **૦૬ (છ)** એવી જગ્યાઓ કે જેના સંદર્ભમાં ઉક્ત અધિકારીઓના કામગીરી મૂલ્યાંકન અહેવાલ સંદર્ભે અહેવાલ લેખન અધિકારી તથા સમીક્ષક અધિકારી નિયત કરવામાં આવેલ ન હોવા છતાં તેમના કામગીરી મૂલ્યાંકન અહેવાલ લખવાની અને સમીક્ષાની કાર્યવાહીને અંતે અત્રેથી સ્વીકારવામાં આવેલ હોઇ, આવા અધિકારીઓના કીસ્સામાં અહેવાલ લેખન અધિકારી/સમીક્ષક અધિકારી કે જેમણે અહેવાલ લેખન/ સમીક્ષા કરેલ હોય તેઓને પણ અહેવાલ લેખન અધિકારી/સમીક્ષક અધિકારી તરીકે સત્તાવાર રીતે  નિયત કરવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

૪.      આથી, પુખ્ત વિચારણાને અંતે ફકરા-૩ માં નિર્દિષ્ટ **કુલ-૧૨ (બાર) જગ્યાઓ**ના સંદર્ભમાં ગુજરાત વહીવટી સેવા, વર્ગ.૧ ના સીનીયર/સિલેકશન/એપેક્ષ સ્કેલના અધિક કલેકટર સંવર્ગના અધિકારીઓના કામગીરી મૂલ્યાંકન અહેવાલ લખવા સંદર્ભે અહેવાલ લેખન અધિકારી/સમીક્ષક અધિકારી આ સાથે સામેલ **"પરિશિષ્ટ-અ"** માં દર્શાવ્યા મુજબ નિયત કરવામાં આવે છે.

૫.      સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૧૨/૨૦૦૫ ના સરખા ક્રમાંકના પરિપત્ર તેમજ તા.૨૭/૪/૨૦૧૬ ના સરખા ક્રમાંકના પ્રસ્તુત બાબતના સંકલિત કરેલ પરિપત્રની ખાનગી અહેવાલ/કામગીરી મૂલ્યાંકન અહેવાલ (PAR) લખવા અને સમીક્ષા કરવા અંગેની તમામ સૂચનાઓ નિર્દિષ્ટ જગ્યાઓ માટે પણ યથાવત લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( ભૂપેશ પંડ્યા )**
ઉપસચિવ (સેવા-૩),
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

બિડાણ : "પરિશિષ્ટ-અ"

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- સર્વે માન.મંત્રીશ્રીઓ અને માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
  સ્વર્ણિમ સંકૂલ-૧ અને ૨, સચિવાલય પરિસર, ગાંધીનગર
- * સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ.
- * સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી ભવન, ગાંધીનગર.
- * સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- * સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- * સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- * સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોક નં.૪, જુના સચિવાલય, ગાંધીનગર.
- **સચિવાલયના સર્વે વિભાગો.**
- સામાન્ય વહીવટ વિભાગ/ગ.૧ શાખા /ગ.૧ સેલ (તપાસ) શાખા / ક શાખા.
- મહેસૂલ વિભાગ / ડી.૧ શાખા / ડી.૨ શાખા.
- પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ / ઝ શાખા.
- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ / એચ-શાખા.
  (તમામ મહાનગરપાલિકાઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ.)
- કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૬, ગાંધીનગર.
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, જુની વિધાનસભા ભવન,
  ટાઉન હોલ પાસે, સે.૧૭, ગાંધીનગર.
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, રાજકોટ.
- સર્વે ખાતા / કચેરીઓના વડાઓ / સર્વે બોર્ડ-કોર્પોરેશન, ગુજરાત સરકાર.
- સરદાર પટેલ રાજય વહીવટ ભવન (સ્પીપા), અમદાવાદ.
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- **ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ (સીનીયર સ્કેલ/સિલેકશન સ્કેલ)ના**
  **અધિક કલેકટર કક્ષાના સર્વે સંબંધીત અધિકારીશ્રીઓ. ("સાથી" એપ્લિકેશન મારફત)**
- **સીસ્ટમ મેનેજરશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**
  **.... તરફ પ્રસ્તુત પરિપત્રને જી-સ્વાન પર મુકી બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.**
- શાખા સિલેક્ટ ફાઇલ / ના.સે.અ. સિલેકટ ફાઇલ.

* પત્ર દ્વારા

(સા.વ.વિભાગના તા.૨૯/૯/૨૦૧૭ ના પરિપત્ર ક્રમાંક: ખહલ/૧૦/૨૦૦૫/૨૩૦૧/ગ.૧ સેલનું બિડાણ)

**પરિશિષ્ટ-અ (અધિક કલેકટર કક્ષાના અધિકારીઓ)**

**ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ (સીનીયર/સિલેકશન/એપેક્ષ સ્કેલ)ના અધિકારીઓનાં કામગીરી મૂલ્યાંકન અહેવાલ-P.A.R. લખવાની અને સમીક્ષાની કાર્યપધ્ધતિ નિયત કરવા અંગેનું પત્રક.**

| અ.નં. | હોદ્દો | અહેવાલ લખનાર અધિકારી | અહેવાલની સમીક્ષા કરનાર અધિકારી |
|---|---|---|---|
| ૧ | સચિવશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ, ગાંધીનગર. | સચિવશ્રી/અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ. | મુખ્ય સચિવશ્રી. |
| ૨ | સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય મહિલા પંચ (આયોગ) ગાંધીનગર. | ચેરમેનશ્રી, ગુજરાત રાજ્ય મહિલા પંચ, ગાંધીનગર. | ચેરમેનશ્રી, ગુજરાત રાજ્ય મહિલા પંચ, ગાંધીનગર. |
| ૩ | સંયુક્ત નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુ.રા.ગાંધીનગર. | નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ, ગુ.રા. ગાંધીનગર. | અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ. |
| ૪ | નાયબ નિયામકશ્રી, ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, (GMERS), ગાંધીનગર. | ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર, ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, (GMERS), ગાંધીનગર. | અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ. |
| ૫ | સંયુક્ત મેનેજીંગ ડીરેક્ટર, ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપની લિ., ગાંધીનગર. | મેનેજીંગ ડીરેક્ટર, ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપની લિ., ગાંધીનગર. | કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ. |
| ૬ | જનરલ મેનેજરશ્રી, ગુજરાત શહેરી વિકાસ નિગમ, ગાંધીનગર. | મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત શહેરી વિકાસ નિગમ, ગાંધીનગર. | અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શ.ગૃ.નિ.વિ. |
| ૭ | અધિક કલેક્ટર, મેટ્રો રેલ મેગા પ્રોજેક્ટ. | મેનેજીંગ ડીરેક્ટર, મેટ્રો રેલ મેગા પ્રોજેક્ટ. | મેનેજીંગ ડીરેક્ટર, મેટ્રો રેલ મેગા પ્રોજેક્ટ. |
| ૮ | નાયબ સચિવશ્રી (એ.ટી.વી.ટી), મહેસૂલ વિભાગ. | સચિવશ્રી/અગ્રસચિવશ્રી, મહેસૂલ વિભાગ. | મુખ્ય સચિવશ્રી. |
| ૯ | ચીફ મેનેજરશ્રી, સરદાર પટેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી (SVPRET), ગાંધીનગર. | સભ્ય સચિવશ્રી, સરદાર પટેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી (SVPRET), ગાંધીનગર. | મુખ્ય સચિવશ્રી. |
| ૧૦ | કાર્યપાલક અધિકારીશ્રી, સર સયાજી જનરલ હોસ્પિટલ, વડોદરા. | મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ, સર સયાજી જનરલ હોસ્પિટલ, વડોદરા. | કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ. |
| ૧૧ | સંયુક્ત નિયામકશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર. | કમિશ્નરશ્રી, શાળાઓ, ગાંધીનગર. | અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ. |
| ૧૨ | ફોરેસ્ટ સેટલમેન્ટ અધિકારી, જુનાગઢ. | અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી. | અ.મુ.સ.શ્રી/અગ્રસચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ. |